તાપમાન
મહત્તમ : ૩૧.૦ ડીગ્રી
લઘુતમ : ૨૩.૮ ડીગ્રી
ભેજ
સવારે ૯૨ ટકા ● સાંજે ૭૮ ટકા
છેલ્લા ૨૪ કલાકનો વરસાદ ● ૧૬ મી.મી.

ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૧) અંક નં. ૧૯૦ | ૨૦ સપ્ટેમ્બર, ૨૦૧૬, મંગળવાર ; ભાદરવા વદ - ૪ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦


# પાકિસ્તાનને જડબાતોડ જવાબ આપો : દેશનો અવાજ



### ઉરી ત્રાસવાદી હુમલાનો જવાબ આપવા સમય સેના નક્કી કરશે : ચાર એકે રાયફલ સહિત વિસ્ફોટકોનો જથ્થો જપ્ત : વર્ષ ૨૦૧૬માં ઘુસણખોરીના ૧૭ પ્રયાસો કરાયા : ૨૦૧૬માં મોતને ઘાટ ઉતારાયેલા ૧૧૦ ત્રાસવાદીઓ પૈકી ૩૧ અંકુશરેખા પાર કરતી વેળા ફૂંકાયા

માત્રામાં વિસ્ફોટકો મળી આવ્યા છે જેમાં ચાર એકે રાયફલ, ચાર ગ્રેનેડ લોન્ચર, ચાર અન્ડરબેરલ ગ્રેનેડ લોંચરનો સમાવેશ થાય છે. પાંચ હેન્ડગ્રેનેડ, બે રેલવે સેટ, બે ગ્લોબલ પોજીસિંગની સિસ્ટમ પણ જપ્ત કરવામાં આવ્યા છે. ૨૦૧૬માં અંકુશરેખા ઉપર ઘુસણખોરીના કુલ ૧૭ પ્રયાસ કરાયા છે. પૂંચ અને ઉરી ત્રાસવાદી હુમલામાં ચાર-ચાર ત્રાસવાદીઓને ઠાર મારવામાં આવ્યા હતા. આ વર્ષે જુદા જુદા ઓપરેશનમાં ૧૧૦ ત્રાસવાદીઓ માર્યા ગયા છે જે પૈકી ૩૧ અંકુશરેખા પાર કરતી વેળા ઠાર મારવામાં આવ્યા છે. બીજી બાજુ ત્રાસવાદીઓના કાવતરાઓને નિષ્ફળ કરવા પણ વિવિધ પગલા લેવામાં આવ્યા છે. અગાઉ આજે યોજાયેલી ઉચ્ચ સ્તરીય બેઠકમાં જુદા જુદા પાસા ઉપર ચર્ચા થઈ હતી અને પાકિસ્તાન સામે આક્રમક નીતિ તૈયાર કરવામાં આવી હતી જેના ભાગરુપે પાકિસ્તાની સરહદમાં હુમલો કરવાની રણનીતિ બનાવવામાં આવી નથી પરંતુ ઘુસણખોરીના પ્રયાસ ઉપર સેના તરફથી એક મહાકાય ઓપરેશન યોજવામાં આવે તેવી શક્યતા છે. આ ઉપરાંત ઘુસણખોરી કરી ચુકેલા ત્રાસવાદીઓને લઈને પણ મોટુ સર્ચ ઓપરેશન હાથ ધરવામાં આવશે. આજે દિલ્હીમાં બેઠકોનો દોર ચાલ્યો હતો. પહેલા મોદીના આવાસ ઉપર અને ત્યારબાદ રાજનાથસિંહના આવાસ ઉપર પણ બેઠક થઈ હતી જેમાં ઉભી થયેલી સ્થિતિ ઉપર ચર્ચા થઈ હતી. સેના દ્વારા પાકિસ્તાની સરહદમાં હુમલા કરવાની મંજુરી આપવાનો મુદ્દો પણ ઉઠ્યો હોવાનું જાણવા મળ્યું છે. અત્રે નોંધનીય છે કે, અગાઉ સેનાએ જોરદાર બદલો લેવાની મંજુરી આપવાની રજૂઆત કરી હતી. સેનાએ પાકિસ્તાની સરહદની અંદર હુમલા કરવાની મંજુરી આપવાની માંગ કરી હતી.

## ત્રાસવાદીઓનો પ્લાન ખતરનાક હતો : ઠાર ત્રાસવાદીઓ પાસેથી મેપ મળતા ખુલાસો

### ત્રાસવાદી ઉંઘતા જવાનોને ખતમ કરવા ઉપરાંત મેડિકલ યુનિટ અને ઓફિસર મેસને ફૂંકી મારવા પણ તૈયાર હતા

નવી દિલ્હી,તા. ૧૯

ઉરીમાં આર્મીના ૧૨ બ્રિગેડ હેડક્વાર્ટસ પર કરવામાં આવેલા હુમલાના સંબંધમાં કેટલીક ચોંકાવનારી બાબત સપાટી પર આવી છે. જે મુજબ તેમના ઉરાદા ખુબ ખતરનાક હતા. આ ત્રાસવાદીઓની પાસેથી જપ્ત હથિયારો, વિસ્ફોટકોની સાથે સાથે પશ્તોમાં લખેલા પત્રને કબજે કરવામાં આવ્યા બાદ વિગત સપાટી પર આવી છે. તેમની પાસે પશ્તોમાં લખેલી હાલતમાં પ્લાનની તૈયારી હતી. મેપમાં ખુલાસો કરવામાં આવ્યો છે કે ત્રાસવાદીઓ સૌથી પહેલા ઉંઘી રહેલા જવાનો પર હુમલો કરવા ઈચ્છુક હતા. ત્યારબાદજ બ્રિગેડના બ્લોકની નજીક મેડિકલ યુનિટ અને ઓફિસર્સ મેસમાં બ્લાસ્ટ કરવાની યોજના હતી. લશ્કરી નિષ્ણાંતોના કહેવા મુજબ આ હુમલા પાછળ પ્રતિબંધિત સંગઠન સિપાહે સાહબા પાકિસ્તાનનો હાથ છે. તે હાલમાં જેશે મોહમ્મદના નેતૃત્વમાં કામ કરે છે. તે પોતાને ગ્રાજિન્યસ ઓફ પ્રોફેટ કહે છે. આ સંગઠનના ત્રાસવાદી સીધીરીતે જેશના લીડર મસુદ અઝહરના નેતૃત્વમાં કામ કરે છે. જમ્મુ કાશ્મીરમાં બારામુલ્લાના ઉરી સેક્ટરમાં ગઈકાલે સવારે સેનાના ઈન્ફેન્ટ્રી બટાલિયન કેમ્પ ઉપર ત્રાસવાદીઓએ હુમલો કરીને દેશભરમાં ભારે ખળભળાટ મચાવી દીધો હતો. આ હુમલામાં ૧૭ જવાનો શહીદ થયા હતા અનેક જવાનો ઘાયલ થયા હતા. આત્મઘાતી હુમલાખોરો દ્વારા કરવામાં આવેલા આ હુમલા બાદ અથડામણમાં તમામ ચારેય

● અનુસંધાન પાન-૭ પર

## હુમલામાં પાકિસ્તાનનો હાથ હોવાના પુરાવાઓ મળ્યા છે : રિજ્જુ



### પાકિસ્તાન શું કહે છે તેની ચિંતાની જરૂર નથી

નવી દિલ્હી, તા. ૧૭

ઉરીમાં સેનાની યુનિટ ઉપર ભીષણ આતંકવાદી હુમલો કરવામાં આવ્યા બાદ ગૃહરાજ્યમંત્રી કિરણ રિજ્જુએ કહ્યું છે કે, ઉરી હુમલામાં પાકિસ્તાનનો હાથ હોવાના મજબૂત પુરાવા મળ્યા છે. તેમણે કહ્યું હતું કે, પાકિસ્તાન શું કહે છે તેની ચિંતા કર્યા વગર અમને ખુબ વિચારને પગલા

● અનુસંધાન પાન-૭ પર

## પાકિસ્તાનને વિશ્વમાં અલગ પાડવાની રણનીતિ તૈયાર

### મોદીના નેતૃત્વમાં મળેલી બેઠકમાં આક્રમક નીતિ ઉરીમાં હુમલા બાદ દિલ્હીમાં બેઠકોનો દોર

નવી દિલ્હી,તા. ૧૯

ઉરીમાં સેનાના યુનિટ ઉપર કરવામાં આવેલા આતંકવાદી હુમલાનો જડબાતોડ જવાબ આપવાને લઈને આજે બેઠકોનો દોર ચાલ્યો હતો. ઉરી હુમલાને લઈને વડાપ્રધાન નરેન્દ્ર મોદીના સાત રેસક્રોસ રોડ આવાસ ઉપર અતિ મહત્વપૂર્ણ બેઠક યોજાઈ હતી. આ ઉચ્ચ સ્તરીય બેઠકમાં સેનાના વડા દલબીરસિંહ સુહાગ, ગૃહમંત્રી રાજનાથસિંહ, સંરક્ષણમંત્રી મનોહર પારીકર, નાણામંત્રી અરુણ જેટલી, રાષ્ટ્રીય સુરક્ષા સલાહકાર અજીત દોભાલ ઉપસ્થિત રહ્યા હતા. આ અગાઉ પણ રાજનાથસિંહના આવાસ ઉપર મહત્વપૂર્ણ બેઠક યોજાઈ હતી. આ બેઠકમાં અજીત દોભાલે પાકિસ્તાન અને ત્રાસવાદી હુમલાઓનો સામનો કરવા માટે ટૂંકાગાળાની અને લાંબાગાળાની યોજના રજૂ કરી હતી. આ મુદ્દા ઉપર ગૃહમંત્રી, સેના પ્રમુખ, ડીજીએમઓ, આઈબી વડાએ ચર્ચા કરી હતી. આ બેઠકમાં મનોહર પારીકર અને અન્ય વરિષ્ઠ લોકો ઉપસ્થિત રહ્યા હતા. જુદી જુદી બેઠકોનો દોર આજે દિવસ દરમિયાન ચાલ્યો હતો.

● અનુસંધાન પાન-૭ પર


ગેરન્ટેડ ગિફ્ટ કુપન
અહીંથી કાપો






## ઉરી હુમલા અંગે રાષ્ટ્રપતિને વાકેફ કરતા પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી

### સરકારની વ્યૂહરચનાના મુદ્દા ઉપર વાતચીત : ઉરી હુમલાને જાપાન, અમેરિકા સહિતના દેશોએ વખોડ્યું

નવીદિલ્હી તા.૧૯

જમ્મુ કાશ્મીરમાં ઉરીમાં સેનાના યુનિટમાં ત્રાસવાદી હુમલો કરવામાં આવ્યા બાદ શહીદ થયેલા જવાનોના પરિવાર અને દેશના લોકોમાં પ્રવર્તી રહેલી નારાજગી વચ્ચે આજે મોડી રાત્રે વડાપ્રધાન નરેન્દ્ર મોદી રાષ્ટ્રપતિ પ્રણવ મુખર્જીને મળવા માટે પહોંચ્યા હતા. વડાપ્રધાને ઉરીમાં થયેલા હુમલાના સંદર્ભમાં તમામ માહિતી આપી હતી. સરકાર જડબાતોડ જવાબ આપવા માટે વિચારી રહી છે ત્યારે આ બેઠકને ખુબ મહત્વપૂર્ણ ગણવામાં આવે છે. રાષ્ટ્રપતિને હુમલાના તમામ પાસા પર માહિતી આપવામાં આવી હતી. બીજી બાજુ વિશ્વના દેશોએ ત્રાસવાદી હુમલાને કઠોર શબ્દોમાં વખોડી કાઢીને તેની નિંદા કરી છે. બ્રિટન, જાપાન સહિતના દેશોએ આની નિંદા કરી છે. જાપાને માર્યા ગયેલા સાહસી જવાનોના પરિવાર પ્રત્યે સહાનુભૂતિ વ્યક્ત કરી છે. દેશભરમાં આક્રોશનું મોજુ ફરી વળ્યું છે.



જમ્મુ કાશ્મીરમાં બારામુલ્લાના ઉરી સેક્ટરમાં ગઈકાલે સવારે સેનાના ઈન્ફેન્ટ્રી બટાલિયન કેમ્પ ઉપર ત્રાસવાદીઓએ હુમલો કરીને દેશભરમાં ભારે ખળભળાટ મચાવી દીધો હતો. આ ભીષણ હુમલામાં ૧૭ જવાનો શહીદ થયા હતા અનેક જવાનો ઘાયલ થયા હતા.



શહીદોને શત્ શત્ નમન - દેશની સુરક્ષા માટે જાનની કુરબાની આપનાર વીર શહીદોને અંજલિ આપવા દેશભરમાં વિવિધ કાર્યક્રમો યોજાયા હતા... કાશ્મીર સરહદે ઉરી આર્મી કેમ્પ પર ત્રાસવાદી હુમલામાં શહીદ થયેલ ૧૯ જવાનોને શાળાના બાળકો - શિક્ષકો અને પરિવારજનોએ મીણબત્તી પ્રગટાવી મૌન પાળી શ્રદ્ધાસુમન અર્પણ કર્યા હતા.... આઝાદીના સાત દાયકા બાદ પણ દેશની સરહદો પર વારંવાર થતાં આતંકી હુમલામાં જવાનો જાનની કુરબાની લગાવે છે... આવા જાબાઝ જવાનોને દેશ ગૌરવપૂર્વક સલામ પાઠવે છે.....

## ભાજપ યુપીમાં પરિવર્તન યાત્રા યોજવા માટે સજ્જ

નવી દિલ્હી,તા. ૧૯

ઉત્તરપ્રદેશમાં શાનદાર દેખાવ કરવા માટે તમામ રાજકીય પક્ષો પોત પોતાની રીતે તૈયારીમા વ્યસ્ત છે. તમામ પક્ષો એકબીજાને પછાડવા માટે છેલ્લી ઘડીની રાજકીય વ્યુહરચના ઘડવામાં વ્યસ્ત થયેલા છે. રાહુલ ગાંધીની કિસાન રેલી બાદ હવે ભાજપે ઉત્તરપ્રદેશમાં પરિવર્તન યાત્રા કરવાની તૈયારી કરી છે. આગામી મહિનામાં પરિવર્તન યાત્રા યોજવામાં આવનાર છે. પરિવર્તન યાત્રા મોટા ભાગના વિસ્તારને આવરી લેશે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીને પણ પરિવર્તન યાત્રાના અંતે સંબોધન કરવા માટે કહેવામા આવ્યુ છે.

## પાક.ને રોકવા માટે સર્જીકલ હુમલા સહિતના વિકલ્પો છે

નવી દિલ્હી, તા. ૧૭

ઉરીમાં ત્રાસવાદી હુમલો કરવામાં આવ્યા બાદ ભારત હવે શુ કરશે તેને લઈને ચર્ચા છે ત્યારે ભારત પાસે કેટલાક વિકલ્પો રહેલા છે. સંરક્ષણ અને પોલિસી નિષ્ણાતો દ્વારા જે વિકલ્પો દર્શાવવામાં આવ્યા છે તે વિકલ્પોમાં સર્જીકલ હુમલા, અંકુશરેખા પાર કર્યા વગર પાકિસ્તાની આર્મી પોસ્ટ ઉપર હુમલા, બ્રહ્મોસ મિસાઈલથી હુમલા, ઓપરેશન પરાક્રમ-૨ જેવા વિકલ્પો દર્શાવવામાં આવ્યા છે. સૌથી ઉપયોગી જે વિકલ્પ રહેલો છે તે સર્જીકલ હુમલાનો છે. પાકિસ્તાન કબજા હેઠળના કાશ્મીરમાં ચાલી રહેલા ત્રાસવાદી કેમ્પો ઉપર સીધીરીતે સર્જીકલ હુમલા કરવામાં આવી શકે છે.

## રશિયાએ પાક સાથેની કવાયત રદ કરી

### ૨૪મી સપ્ટેમ્બરથી પાકિસ્તાન અને રશિયા વચ્ચે સંયુક્ત કવાયત યોજનાર હતી :ઘણા જવાન આમા જોડાનાર હતા : આંતરરાષ્ટ્રીય મંચ ઉપર ભારતની તાકાત દેખાઈ

મોસ્કો, તા.૧૯

ઉરીમાં ભીષણ આતંકવાદી હુમલા બાદ રશિયાએ કઠોર પગલું લઈને પાકિસ્તાન સાથેની તેની સંયુક્ત લશ્કરી યુદ્ધ કવાયતને મોકૂફ કરી દીધી છે. રશિયા દ્વારા લેવામાં આવેલા આ નિર્ણયને ભારતની મોટી રાજદ્વારી જીત તરીકે ગણવામાં આવેછે. આંતરરાષ્ટ્રીય મંચ ઉપર પાકિસ્તાનને અલગ પાડી દેવાની નીતિ ભારતે અપનાવવાનો નિર્ણય કર્યો છે જેની સીધી અસર દેખાવવા લાગી છે. પાકિસ્તાન અને રશિયા ૨૪મી સપ્ટેમ્બરથી યુદ્ધ કવાયત યોજનાર હતા. ૨૪મી સપ્ટેમ્બરથી સાતમી ઓક્ટોબર દરમિયાન બંને દેશો રત્તુ અને ચેરાટ વિસ્તારમાં લશ્કરી યુદ્ધ કવાયત યોજનાર હતા. ઈસ્લામાબાદે લશ્કરી કવાયતના સંદર્ભમાં માહિતી આપ્યા બાદ ભારત સરકારે તરત જ રશિયાને પત્ર લખ્યો હતો. હવે મોસ્કોએ તમામ બાબતને ગંભીરતાથી લીધી છે. આજે વડાપ્રધાન નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં ઉચ્ચ સ્તરીય બેઠક યોજાઈ હતી જેમાં આંતરરાષ્ટ્રીય સ્તર પર પાકિસ્તાનને અલગ પાડી દેવાનો નિર્ણય લેવામાં આવ્યો હતો. ભારતે પાકિસ્તાન સામે પગલા લઈ શકાય તેવા તમામ પુરાવા રજૂ કરવાની નીતિ અપનાવી છે. પાકિસ્તાન હાલ રશિયા પાસેથી અતિઆધુનિક વિમાન ખરીદવાની પણ યોજના ધરાવે છે. રશિયા અને ભારત વચ્ચેના સંબંધો હંમેશાથી ઘણા સારા રહ્યા છે. લશ્કરી કવાયત દરમિયાન બંને દેશોના ૨૦૦-૨૦૦ સૈનિકો ભાગ લેવાના હતા. મોસ્કોમાં પાકિસ્તાનના રાજદૂત કાઝી ખલીલઉલ્લાહે કહ્યું છે કે, ફ્રેન્ડશીપ ૨૦૧૬ હેઠળ બંને દેશ પ્રથમ વખત લશ્કરી કવાયતમાં યોજનાર હતા. પાકિસ્તાને અમેરિકાની સાથે નબળા પડતા સંબંધોને ધ્યાનમાં લઈને પોતાની વિદેશ નીતિમાં ફેરફાર કર્યા હતા અને અન્ય દેશો સાથે તાલમેલ વધારવાના પ્રયાસ હાથ ધર્યા હતા. અમેરિકાએ મે ૨૦૧૧માં ગુપ્ત મિશનને અંજામ આપીને એબટાબાદમાં અલકાયદાના લીડર ઓસામા બિન લાદેનને મોતને ઘાટ ઉતારી દીધો હતો. આ ઉપરાંત અફઘાન સરહદ સાથે જોડાયેલા વિસ્તારમાં નાટો સેનાના હવાઈ હુમલામાં ૨૪ પાકિસ્તાની સૈનિકોના મોતથી પણ બંને દેશોના સંબંધો ખરાબ થયા હતા.

## કપિલ શર્મા વિરૂદ્ધ એફઆઈઆર દાખલ

મુંબઈ,તા. ૧૯

લોકપ્રિય સ્ટેન્ડઅપ કોમેડિયન કપિલ શર્માની મુશ્કેલીમાં સતત વધારો થઈ રહ્યો છે. વસોવા પોલીસ દ્વારા કપિલ શર્માની સામે હવે એફઆઈઆર દાખલ કરવામાં આવી હતી. પર્યાવરણ ધારાનો ખુલ્લો ભંગ કરવા બદલ કપિલ શર્મા સામે એફઆઈઆર દાખલ કરવામાં આવી છે.


ROOPKALA
The silver shop
માત્ર ચાંદીનો શો-રૂમ
199, District Shopping Center, Nr. Bank of Baroda, Sector - 21, Gandhinagar, Ph.232 48225

VAIBHAV FURNISHINGS INC.
RETAIL SHOWROOM & FACTORY OUTLET





DECOR
DC TEX
HOMES
COPPER
Kurl-on PU FOAM
SPRINGFIT
• SOFA FABRIC • CURTAIN FABRIC • WALLPAPER • FOAM • MATTRESSES • PILLOWS • BEDSHEETS
Time : 11 a.m. to 9 p.m. 8, SIDDHRAJ ZORI, SARGAASAN - G'NAGAR 09414119651, 09829719885, 09462597151
Time : 9.30 a.m. to 7 p.m. A-174, ELECTRONICS ESTATE, G.I.D.C., SECTOR 26, G'NAGAR 09462597151, 09414119651